પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 26-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1) સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ છતાં, ભારતનું અર્થતંત્ર ખૂબ જ મજબૂત પ્રદર્શન કરી રહ્યું છે.

2) ઈરાને ભારત સહિતના મિત્ર દેશોને વાણિજ્યિક શિપિંગ માટે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી.

3) G7 રાષ્ટ્રોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા વિદેશ મંત્રી ડૉ .એસ . જયશંકર આજથી ફ્રાન્સની બે દિવસની મુલાકાતે જશે.

4) પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે 366 ઉમેદવારો મેદાનમાં.

5) આંધ્રપ્રદેશમાં સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં 13ના મોતજ્યારે .. બાંગ્લાદેશમાં બસ નદીમાં ખાબકતા ના મૃત્યુ25.

6) દેશભરમાં આજે રામ નવમીની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી.

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# RIJIJU - WEST ASIA CRISIS

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટ છતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતનું અર્થતંત્ર ખૂબ જ મજબૂત પ્રદર્શન કરી રહ્યું છેશ્રી રિજિજુએ એ . વાત પર પણ ભાર મૂક્યો હતો કે ભારતીય જહાજો હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે પસાર થઇ રહ્યાં છે, જે ભારતના મજબૂત રાજદ્વારી સંપર્ક અને વૈશ્વિક સ્થિતિને પ્રતિબિંબિત કરે છેશ્રી રિજિજુએ ભાર મૂક્યો હતો કે . પ્રધાનમંત્રી મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ, ઇઝરાયલના પ્રધાનમંત્રી, ઈરાનના રાષ્ટ્રપતિ અને ખાડી દેશોના તમામ સરકારોના વડાઓ સહિત વિશ્વના નેતાઓ સાથે સતત સંપર્કમાં રહ્યા છે.

# MANGALORE PORT - LPG

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, LPG શિપમેન્ટના આગમનથી લોકોને રાહત મળી છે .LPG જહાજ, એપોલો ઓશન, ગઈકાલે રાત્રે આસપાસ ન્યુ મેંગલોર બંદર પર પહોંચ્યું વાગ્યાની 8, અને તે જ રાત્રે અનલોડિંગ કામગીરી શરૂ થઈઅગાઉ ., કાર્ગો જહાજ શિવાલિક, જે તેના LPG કન્સાઈનમેન્ટનો એક ભાગ મેંગલુરુ પહોંચાડવાનું હતું, તેના બદલે તેનો આખો કાર્ગો ગુજરાત બંદર પર ઉતાર્યો હતો બાદમાં .LPGને એપોલો ઓશનમાં મેંગલુરુ લઈ જવામાં આવ્યું, જેમાં હજાર મેટ્રિક ટન 16 બંદર સત્તાવાળાઓએ સંકેત આપ્યો છે કે વધુ બે ક્રૂડ .ઇંધણ હતુંઓઇલ ટેન્કર ટૂંક સમયમાં આવવાની શક્યતા છે.

# IRAN-INDIA-HORMUZ

ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે ઈરાને ભારત અને ચીન અને રશિયા સહિત અન્ય ઘણા મિત્ર દેશોને વાણિજ્યિક શિપિંગ માટે હોર્મુઝ સ્ટ્રેટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

ઈરાન દ્વારા પર્શિયન ગલ્ફ અને ઓમાનના અખાત વચ્ચેની સાંકડી શિપિંગ લેન, જે વૈશ્વિક તેલ અને LNGનો આશરે 20 ટકા હિસ્સો સંભાળે છે, તેને અવરોધિત કર્યા પછી વૈશ્વિક સ્તરે તેલ અને ગેસના ભાવમાં વધારો થયો છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા વાણિજ્યિક શિપિંગમાં વિક્ષેપો અંગે વૈશ્વિક ચિંતાઓ વધી રહી છે, જેમાં યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે જો તે જળમાર્ગને સંપૂર્ણપણે ફરીથી ખોલશે નહીં તો તેના ગંભીર પરિણામો ભોગવવા પડશે.

ઈરાનના વિદેશ મંત્રીએ સ્પષ્ટ કર્યું કે ઈરાનના વિરોધીઓ સાથે જોડાયેલા જહાજોને વ્યૂહાત્મક જળમાર્ગ દ્વારા પરિવહન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

# UN CHIEF - IRAN WAR

સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી છે કે વર્તમાન પશ્ચિમ એશિયા સંઘર્ષ ગરીબ અને સૌથી સંવેદનશીલ લોકોને મોટાપાયે વિપરીત  અસર કરી રહ્યો છે, તેમણે યુદ્ધનો તાત્કાલિક અંત લાવવા અને રાજદ્વારી માટે નવેસરથી દબાણ કરવાની હાકલ કરી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, ગુટેરેસે કહ્યું કે સંઘર્ષના માનવતાવાદી પરિણામો એવા નાગરિકો દ્વારા ભોગવવામાં આવી રહ્યા છે જેમની સંઘર્ષમાં કોઈ ભૂમિકા નથી.

યુએનના વડાએ ભાર મૂક્યો કે રાજદ્વારી અને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન એ કટોકટીનો એકમાત્ર વ્યવહારુ ઉકેલ છે. એક અલગ સોશિયલ મીડિયા પોસ્ટમાં, ગુટેરેસે સંઘર્ષની આર્થિક અસર, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગમાં લાંબા સમય સુધી વિક્ષેપ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે, હોર્મુઝ સ્ટ્રેટનું લાંબા સમય સુધી બંધ રહેવાથી વૈશ્વિક રીતે તેલ, ગેસ અને ખાતરની તંગી ઉભી કરી રહી છે.

# JAISHANKAR-FRANCE

વિદેશ મંત્રી ડૉજયશંકર આજથી ફ્રાન્સની બે દિવસની .એસ . મુલાકાતે જશે,જ્યાં તેઓ G7 રાષ્ટ્રોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશેસેર્ને -ડી-વોક્સ-જયશંકર અબેય ડેસ .વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે ડૉ. ખાતેG7 વિદેશ મંત્રીઓની બેઠક દરમિયાન તેમના સમકક્ષો સાથે દ્વિપક્ષીય ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

# PM - JEWAR AIRPORT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શનિવારે ઉત્તર પ્રદેશના જેવર ખાતે નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. આ એરપોર્ટ અંદાજે 11 હજાર બસો કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે. ટકાઉ માળખાગત પ્રોજેક્ટ તરીકે તૈયાર કરાયેલ આ એરપોર્ટનો ઉદ્દેશ્ય નેટ-શૂન્ય ઉત્સર્જન સુવિધા તરીકે કાર્ય કરવાનો છે, જેમાં ઊર્જા-કાર્યક્ષમ પ્રણાલીઓ અને પર્યાવરણીય રીતે જવાબદાર પ્રથાઓનો સમાવેશ થાય છે.

નોઈડા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ભારતના સૌથી મોટા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ્સમાંનું એક છે. આ એરપોર્ટનું ઉદ્ઘાટન, ભારતની વૈશ્વિક ઉડ્ડયન કેન્દ્ર બનવા તરફની યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. તે રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના પ્રવેશદ્વાર તરીકે સેવા આપશે અને વિદેશી દેશો સુધી સરળ પહોંચ સુનિશ્ચિત કરશે. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પછી તેને રાષ્ટ્રીય રાજધાની દિલ્હી અને આસપાસના વિસ્તારો માટે બીજા સૌથી મહત્વપૂર્ણ એરપોર્ટ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે.

એરપોર્ટની પ્રારંભિક મુસાફર સંચાલનની ક્ષમતા દર વર્ષે 1 કરોડ 20 લાખ મુસાફરો હશે. જે પૂર્ણ વિકાસ પછી વાર્ષિક 7 કરોડ મુસાફરો સુધી વિસ્તૃત કરી શકાશે. એરપોર્ટમાં કાર્ગો ઇકોસિસ્ટમ પણ શામેલ છે. આ કાર્ગો સુવિધા વાર્ષિક 2.5 લાખ મેટ્રિક ટનથી વધુનું સંચાલન કરશે, જેને લગભગ 18 લાખ મેટ્રિક ટન સુધી વધારી શકાય છે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

ડેસ્ક

# PUDUCHERRY NOMINATION

પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ થઈ છે. 514 ઉમેદવારી પત્રોમાંથી 411 સ્વીકારવામાં આવ્યા છે જ્યારે 103 ઉમેદવારીપત્રો ચકાસણી દરમિયાન રદ કરવામાં આવ્યા હતા ચૂંટણી પંચ દ્વારા ગઈકાલે જાહેર કરાયેલા આંકડા મુજબ, ચકાસણી બાદ કુલ 366 ઉમેદવારો મેદાનમાં છે.

આજે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાનનો છેલ્લો દિવસ છે. અત્યાર સુધીમાં પાંચ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો પાછા ખેંચી લીધા છે. ઉમેદવારો આજે બપોરે ૩ વાગ્યા સુધી પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકશે.

# ANDHRA- ROAD ACCIDENT

આંધ્રપ્રદેશમાં આજે વહેલી સવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં 13ના મોત અને 22 ગંભીર રીતે ઘાયલ થયા છે., સવારે માર્કપુરમ જિલ્લાના રાયવરમ નજીક એક ખાનગી ટ્રાવેલ બસ ટ્રક સાથે અથડાઈ અને આગ લાગી ગઈ.આગ લાગતા બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. પ્રાથમિક અહેવાલો દર્શાવે છે કે ઘણા મુસાફરો અંદર ફસાયેલા હતા અને આગમાં મૃત્યુ પામ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવ અને ઓળખના પ્રયાસો ચાલુ હોવાથી મૃત્યુઆંક વધી શકે છે.

અંદાજે 20 ઘાયલ મુસાફરોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા છે. ઘટના બાદ તરત જ પોલીસ અને કટોકટી ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી, ઘાયલોને બહાર કાઢ્યા હતા અને વિસ્તારને સુરક્ષિત કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે ખાનગી ટ્રાવેલ કંપની દ્વારા સંચાલિત બસ અકસ્માત સમયે હૈદરાબાદથી પામુરુ જઈ રહી હતી.

મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે અધિકારીઓ સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને ઘાયલોની તબીબી સંભાળ અંગે વિગતો માંગી હતી. તેમણે અધિકારીઓને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા અને વ્યાપક તપાસના આદેશ આપ્યા છે. આ ગમખ્વાર અકસ્માત અંગે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ શોક વ્યક્ત કર્યો હતો

આન્ધ્રપ્રદેશની આ બસ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શોકસંતપ્ત પરિજનોને સાંત્વના પાઠવી હતી.

# REV. BANGLADESH - BUS ACCIDENT

બાંગ્લાદેશમાં, રાજબારી જિલ્લામાં દૌલતડિયા ફેરી ટર્મિનલ ખાતે મુસાફરોને લઈને જતી એક બસ પદ્મ નદીમાં ખાબકી પડતાં અંદાજે 25 લોકોના મોત થયા છે. બચાવ કામગીરી હજુ પણ ચાલુ છે. બાંગ્લાદેશ ફાયર સર્વિસ અને સિવિલ ડિફેન્સના જણાવ્યા અનુસાર, ડૂબી ગયેલી બસમાંથી 23 મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓ, પુરુષો અને બાળકોનો સમાવેશ થાય છે, જ્યારે બે લોકો જીવતા બચાવી લેવામાં આવ્યા હતા પરંતુ હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તરત જ ઘણા મુસાફરોને જીવતા બહાર કાઢ્યા હતા.

ગઈકાલે સાંજે 5:15 વાગ્યે દૌલતડિયા ઘાટ નંબર 3 પર આ ઘટના બની હતી. ઢાકા જતી બસ ફેરીમાં ચઢવાનો પ્રયાસ કરતી વખતે કાબુ ગુમાવી દેતાં નદીમાં પડી ગઈ હતી અને લગભગ 30 ફૂટની ઊંડાઈ સુધી ડૂબી ગઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે બસમાં લગભગ 40 થી 50 મુસાફરો હતા.

# RAMNAVAMI

દેશભરમાં આજે રામ નવમીની ધાર્મિક ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે. ચૈત્ર સુદ નવમીના દિવસને મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના જન્મોત્સવ તરીકે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને રામ નવમીની શુભેચ્છાઓ પાઠવી છે. એક સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે ભગવાન રામની જીવનયાત્રા આપણને અર્થપૂર્ણ જીવન માટે સત્ય, ન્યાય અને સદગુણના માર્ગ પર ચાલવા માર્ગદર્શન પૂરું પાડે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી રામનું જીવન આપણને સમાજ પ્રત્યેની આપણી ફરજો પૂર્ણ કરવા પ્રેરણા આપે છે. તેમણે કહ્યું કે રામના આદર્શો ભારતીય સંસ્કૃતિનો પાયો છે.તેમણે નાગરિકોને આ મૂલ્યોને આત્મસાત કરવાનો આગ્રહ કર્યો.

# AIR SHOW

ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ એરોબેટિક ટીમ આવતીકાલથી ચંદીગઢના સુખના તળાવ ખાતે બે દિવસીય હવાઈ પ્રદર્શનનું આયોજન કરશેચંદીગઢના ડેપ્યુટી કમિશનર નિશાંત કુમાર યાદવે પ્રદર્શનના . સુચારુ સંચાલનની ખાતરી કરવા માટે તમામ સંબંધિત વિભાગોની 28 અને 27 આ હવાઈ પ્રદર્શન .સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી 11 થી 10 માર્ચે સવારે:.વાગ્યા દરમિયાન યોજાશે 30

# IMD WEATHER

હવામાન વિભાગે આવતીકાલ સુધી ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણ દિવસ સુધી દિલ્હી, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, હિમાચલ પ્રદેશ, લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીરમાં વાવાઝોડા, વીજળી અને ભારે પવનો ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, આંતરિક કર્ણાટક, તેલંગાણા, વિદર્ભ, અને પશ્ચિમ રાજસ્થાનમાં પણ આવી જ સ્થિતિ રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી બે દિવસ દરિયાકાંઠાના કર્ણાટક, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વાવાઝોડા અને વીજળી પડવાની આગાહી કરી છે. દરમિયાન, આજે કેરળ, માહે, કોંકણ અને ગોવામાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.